**ગૂડ મૉર્નિંગ !**



શિયાળાની સવારે ગુલાબી ઠંડીમાં માથાથી પગ સુધી ગોદડું ઓઢીને સૂવાની મજા ભલે અદકેરી હોય, પરંતુ આવી જ સવારમાં ગોદડામાંથી બહાર નીકળી સૂર્યોદય પહેલાં ચાલવા જવું એ ધન અને મનને પ્રફુલ્લિત કરનારી તથા તંદુરસ્તી બક્ષનારી પ્રવૃત્તિ છે. એમાંય ગાંધીનગરની સવાર એટલે...બેનમૂન ! કુદરતે અહીં અપાર વન્ય પશુ પક્ષીઓનો ખજાનો ભર્યો છે, તેમના નિયમિત સંસર્ગમાં આપણે રહીએ તો આ પશુ-પક્ષીઓ આપણી પ્રકૃતિ અને બોલીથી પણ વાકેફ થઈ જાય છે. પ્રસ્તુત તસવીરમાં દશ્યમાન યુગલ નિયમિત ઈન્દ્રોડા પાર્કમાં ચાલવા જાય છે, અહીં મોર તેમની પાસે સહજતાથી આવી જાય છે. કેમ જાણે તેમને ગૂડ મૉર્નિંગ કહેવા ન આવતો હોય ! અમે પણ આ બાબત અનુભવી છે - મોર, હરણ અમારા કૅમેરાની ક્લિકને ગૂડ મૉર્નિંગની જેમ ધ્યાનથી સાંભળે છે ! તમારે આવું ગૂડ મૉર્નિંગ અનુભવવું હોય તો વહેલી સવારે ગોદડામાંથી બહાર આવીને નિસર્ગના ખોળે આવવું પડશે. અને આવા અનુભવો શબ્દોમાં વર્ણવવા અશક્ય હોય છે, તો માણો ને જાણો. **(તસવીર : નિકુંજ પી વૈશ્યક)**

# અન્યાયનો બદલો લેવા પાટીદાર અનામત આંદોલન સમિતિ મક્કમ

## સવર્ણ જ્ઞાતિઓને ૨૦ ટકા આર્થિક અનામતની જાહેરાત કરનાર કોંગ્રેસને ખુલ્લુ સમર્થન આપવા પાટીદાર અનામત આંદોલન સમિતિની જાહેરાત

ગાંધીનગર, તા. ૭

પાટીદાર અનામત આંદોલનના પડઘા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પડે તેવી પુરે પુરી શક્યતાઓ છે. પાટીદાર અનામત આંદોલન ચલાવી રહેલી પાટીદાર અનામત આંદોલન સમિતિએ આજે પત્રકાર પરિષદ બોલાવી આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસને ખુલ્લુ સમર્થન આપવાની જાહેરાત કરી છે.

પાટીદાર અનામત આંદોલન છેલ્લા કેટલાય સમયથી ગુજરાતને ઘમરોળી રહ્યું છે. ગુજરાતમાં મોટી સંખ્યા ધરાવતા પાટીદારો ગુજરાતના રાજકારણ પર પણ સારૂ એવું પ્રભુત્વ ધરાવે છે. પાટીદાર અનામત મામલે છેલ્લા કેટલાક સમય દરમ્યાન સરકારની સામે પડેલા પાટીદારો આગામી દિવસોમાં યોજનાર




સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં શાસક પક્ષ ભાજપને પછાડવાના મુડમાં જણાય છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર અતુલ પટેલ અને સરદાર એકતા સમિતિના પ્રવકતા જગદીશ પરીખ દ્વારા આજે પત્રકાર પરિષદ બોલાવવામાં આવી હતી અને જાહેરાત કરવામાં આવી હતી કે ભાજપ સરકારે પાટીદારો સાથે જે અન્યાય કર્યો છે તેના કારણે આગામી સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં પાટીદારો ભાજપને વોટ નહી આપે. પાટીદારો આ ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી કે જેણે સવર્ણને ૨૦ ટકા આર્થિક અનામત આપવાની વાત કરી છે તેને સમર્થન આપશે. ભાજપે પોલીસને આગળ કરી પાટીદાર મહિલાઓને જે અન્યાય કર્યો છે જે દમન ગુજાર્યું છે તેના વિરૂદ્ધમાં મહિલાઓ પણ ભાજપને હરાવવા માટે આગળ રહેશે. દિવાળી બાદ પાટીદાર અનામત આંદોલન સમિતિ ગાંધી ચિંધ્યા માર્ગે કાર્ય કરશે અને ઉપવાસ, જેલભરો આંદોલન તથા કાળી પટ્ટી લગાવી વિરોધ પ્રદર્શન કરશે અને હાર્દિક પટેલને જે રીતે ખોટી રીતે ફસાવાયો છે તેની સાથે લડાઈ ચાલુ રાખવામાં આવશે.

# તરકવાડા પ્રાથમિક શાળાના શિક્ષકોનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

ઈસરી, તા. ૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની તરકવાડા પ્રા. શાળાના બે શિક્ષકો ડાહ્યાભાઈ મોતીભાઈ પટેલ અને બાબુલાલ રામાભાઈ પંચાલ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા હોઈ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ સ્થાને અરવલ્લી જિલ્લા પ્રા. શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ, અતિથિ વિશેષ પદે પૂર્વ નિરીક્ષક આર.કે. મેનાત, મહામંત્રી ધનજીભાઈ ખોખરીયાના નેતૃત્વ હેઠળ દબદબાભેર સન્માન સમારોહ યોજાઈ ગયો. આ પ્રસંગે મેઘરજ તાલુકા કિસાન સંઘના પ્રમુખ કોદરભાઈ પટેલ, ઈસરીના પૂર્વ આચાર્ય નાનજીભાઈ કે. પટેલ, સરપંચ મોતીલાલ પટેલ રેલ્લાવાડા જૂથમંત્રી કેશાભાઈ પટેલ, શિક્ષણના જીવ એવા ડૉ. રમણલાલ પટેલ એસ.એમ.સી. કમીટી અધ્યક્ષા બેન. ગ્રામ આગેવાન પ્રવિણભાઈ જોષી, શિક્ષકો-સ્નેહીઓ-સંબંધીઓ, ગ્રામજનોની બહોળી હાજરીમાં કાર્યક્રમની સરૂઆત કરવામાં આવી હતી.

સમારંભના પ્રારંભે અધ્યક્ષ તથા મહાનુભાવોના હસ્તે દીપ પ્રગટાવી કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો. સ્વાગત પ્રવચન જૂથમંત્રી કેશાભાઈ પટેલે કર્યું હતું. શાળાની બાળાઓ દ્વારા સ્વાગતગીત સૌ આગંતુક મહેમાનોનું શાલ ફૂલહારથી સ્વાગત નિવૃત્ત થનાર બંને મહાનુબાવોનું સન્માનપત્ર વાંચન બાદ અધ્યક્ષશ્રીના હસ્તે અર્પણ નિવૃત્ત થનારને શાલ શ્રીફળ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર તરફથી બંને શિક્ષકોને ભેટ-સ્મતિચિહ્ન-વિદ્યાર્થીઓ દ્વારા ભેટ-સ્નેહી સ્વજનો ગ્રામજનો તરફથી ભેટ આપીને સૌ મહાનુભાવોએ લાંબી સેવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. નિયમ મુજબ ફરજ બજાવી શાળાને પ્રગતિના પંથે લઈ જવામાં કામગીરી બજાવી છે તેવું નિવૃત્ત કર્મચારીઓએ જણાવી શિક્ષણ કમીટી ગ્રામજનો સ્ટાફનો આભાર માન્યો હતો. વિદ્યાર્થીઓને ઈનામ આપી નવાજયા હતા. આભારવિધિ આચાર્યશ્રી લાલસિંહ બિહોલાએ કરી, સંચાલન ગેડ શાળાના ઉપા આચાર્ય જયંતિભાઈ પટેલે કરી સમાપન કરેલ.

# શામળાજીના વિશ્વકર્મા પંચાલ જ્ઞાતિ સંઘનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ઈસરી, તા. ૭

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી ખાતે ૧૯૮૨થી પા પા પગલી વિકાસ કરતુ વિશ્વકર્મા સંઘ શામળાજી છેલ્લા ૨૧ વર્ષથી નૂતન વર્ષે મિલન સમારંભ યોજે છે. ચાલુ વર્ષે ૨૨મો નૂતન મિલન સમારંભ કારતક સુદ ત્રીજને તા. ૧૪-૧૧-૨૦૧૫ને શનિવારે યોજાનાર છે. જે અંગે જનરલ સભામાં કાર્યક્રમ-આયોજન ગોઠવાયું છે.

સમારંભના દિવસે વિશ્વકર્માના વંશજો, પુત્રો-બહેનો,વિદ્યાર્થીભાઈઓ બહેનો મોટી સંખ્યામાં આવશે. નૂતન વર્ષના સાલમુબારકની આપલે થશે. આ દિવસે અધ્યક્ષના હસ્તે હોલનું ઉદ્‌ઘાટન અને વેબસાઈટનું પણ લોન્ચીંગ થશે. વળી, ધોરણ ૧થી ૧૨ ઈજનેરી-મેડીકલ જેવા અભ્યાસમાં ઉત્તીર્ણ થયા હોય તથા એડમીશન મેળવ્યું હોય તેવા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માન કરવામાં આવશે. વ્યક્તિગત ઈનામો વિશ્વકર્મા શામળાજી દ્વારા પણ શિલ્ડ-ઈનામ આપીને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ ક્રિયા છેલ્લા ૧૦ વર્ષથી સતત ચાલુ છે. જેને ખુબજ પ્રોત્સાહન મળ્યું છે. જેની માર્કશીટ ૧૧-૧૧-૧૫ પહેલાં શામળાજી પહોંચી જાય તે રીતે મોકલી આપવા સંઘના પ્રમુખ મંત્રીએ જણાવ્યું છે કે ઈનામ મેળવવા વિદ્યાર્થીઓએ જાતે આવવુ પડશે.

આ પ્રસંગે સમિતિના નિર્ણય મુજબ દરેક ગામમાંથી સારી પદવી મેળવનાર પ્રતિષ્ઠિત અને સિદ્ધિના સોપાન સર કર્યા હોય, સરકારી સન્માન થયું હોય તેવી વિશિષ્ટ વ્યક્તિઓનું પણ સન્માન કરવામાં આવશે. મંડળના કાર્યદક્ષ કાર્યકરો - પૂર્વ પ્રમુખ મંત્રી અને હાલની જુગલ જોડી પ્રમુખ કિશોરભાઈ પંચાલ (દહેગામડા) મંત્રી રમેશલાલ (ખેરંચા) પૂર્વ પ્રમુખ શંકરલાલ (ફુરાકી) અને અન્ય આગેવાનો દ્વારા મંદિર-ધર્મશાળા-વરંડો-ભોજનાલય વગેરેમાં જે પ્રગતિ થઈ છે જે પ્રસંશાને પાત્ર છે. દર પૂનમે ભક્તો માટે મફત ભોજન ચાલુ કારકતની પૂનમથી શરૂ થશે અને દર પૂનમે પ્રસાદી માટે દાનની સરવાણી વહેલા લાગી છે. વિશ્વકર્માદાદાની અસીમ કૃપાથી સંઘ પ્રગતિ કરી રહ્યો હોવાનું જણાય છે. કાર્યક્રમ બાદ મહાપ્રસાદનું પણ આયોજન છે.

# અરવલ્લી જિલ્લામાં ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ

મોડાસા, તા. ૭

રાજયભરમાં ચૂંટણીનો માહોલ છવાયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ફોર્મ ભરવાનો પ્રારંભ રાજકીય પક્ષોના ઉમેદવારોએ કરી દીધો છે. અરવલ્લી જિલ્લામાં મોડાસા નગરપાલિકામાં આજરોજ એક ફોર્મ ભરાયું છે. જ્યારે જિલ્લા પંચાયતમાં ૪ તેમજ તાલુકા પંચાયત માટે ૧૧ ફોર્મ અત્યાર સુધીમાં ભરાયા છે. ત્યારે મેઘરજ, ધનસુરા, માલપુરથી એકપણ ફોર્મ અત્યાર સુધી તાલુકા પંચાયત માટે ભરાયું નથી.

મોડાસા નગરપાલિકા, અરવલ્લી જિલ્લા તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીઓ હોવાથી રાજકીય માહોલ જામ્યો છે. ચૂંટણી માટે ઉત્સુક ઉમેદવારોએ ફોર્મ ભરવાના શરૂ કરી દીધા છે. જિલ્લામાં એક તરફ દિવાળીનો તેમજ બીજી તરફ રાજકીય માહોલ જામતો જાય છે. ત્યારે મોડાસા નગરપાલિકા માટે તા. ૭-૧૧-૧૫ સુધીમાં માત્ર એક ફોર્મ ભરાયું છે. જિલ્લા પંચાયતમાં તા. ૬-૧૧-૧૫ના રોજ ૧ તેમજ તા. ૭-૧૧-૧૫ના રોજ ૩ ફોર્મ ભરાતા કુલ સંખ્યા ૪ નવા ફોર્મ ભરાયા છે. અરવલ્લી જિલ્લાના તાલુકા પંચાયત માટે મોડાસા-૧, ભિલોડા-૮, મેઘર-૦, બાયડ-૨, ધનસુરા-૦, માલપુર-૦ થઈ તાલુકા પંચાયત માટે અત્યાર સુધીમાં કુલ ૧૧ ફોર્મ ભરાયા છે. આગામી દિવસોમાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના ઉમેદવારો દિવાળીના શુભ દિવસોમાં પોતાનું ઉમેદવારીપત્ર ભરશે તેવું મોડાસા શહેરમાં ચર્ચાઈ રહ્યું છે.

# ચોરીના ૫૦થી વધુ ગુનામાં સામેલ શખ્સ અંતે ઝડપાયો

અમદાવાદ, તા.૭

શહેરમાં છેલ્લા ઘણા સમયથી શરીરે મેલુ નાખી તેમજ ગિલોલ થી ગાડીઓના કાચ તોડી નજર ચુકવી ચોરીઓના અસંખ્ય બની જવા પામ્યા હતા. ક્રાઈમબ્રાંચ દ્વારા આવાજ પ્રકારની ચોરી કરતાં નાયડુ ગેંગના એક આરોપીની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી ચાંદીની પાયલ, સોનાની કાંટી બેનંગ, સોનાની કડી નંગ.૧ સોનાનું ડોકીયુ નંગ-૧ તથા સોનાની બુટી જોડ-૧ મળી કુલ ૩૩૮૦૦ના મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ સ્ટાફ સહિત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી. બાતમીના આધારે આરોપી વિનોદ પરમશીવા નાયડુ (ઉ.વ.૨૦)ની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી ચાંદીની પાયલ, સોનાની કાંટી બે નંગ, સોનાની કડી નંગ.૧, સોનાનું ડોકીયું નંગ-૧ તથા સોનાની બુટ્ટી મળીને કુલ ૩૩,૮૦૦ના મુદ્દામાલ મળી આવતા કબ્જે કર્યો હતો. પકડાયેલા આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપી અને તેના સાગરિતો ૧. સંતોષ ૨. શંકર મુર્ગેશ નાયડુ ૩. સુરેશ નાયડુ ૪. સંજય શુભૈયા નાયડુ ૫. ગોંવિદા રાજુ નાયડુ ૬. મુરલી રાજુ નાયડુ તેમજ અન્ય ત્રણ શખ્સો સાથે મળીને અમદાવાદમાં એક ભાડે મકાન રાખતા હતા. અમદાવાદ તેમજ ગુજરાત રાજયના અન્ય શહેરોમાંથી ચાલુ ફોર વ્હીલ ગાડીને પંચર કરતા હતા. ત્યારબાદ ગાડીના ડ્રાઈવરનું ધ્યાન દોરી નજર ચુકવી ચોરી કરતા હતા અને કોઈ પણ વ્યક્તિ પર મેલુ નાખી ધ્યાન દોરી તેની પાસેની માલમત્તાની ચોરી કરતા હતા. તેમજ ગીલોલથી ગાડીનું કાચ તોડી નાખી ગાડીનું કાચ તોડી નાખી. ગાડીને ઉભી રખાતા હતા. ત્યારબાદ ગાડીનો દરવાજો ખોલીને તેમાંથી માલમાત્તાની ચોરી કરતા હોવાનું જણાવ્યું હતું જો કે પોલીસને અમદાવાદ શહેરમાં આશરે ૫૦ થી વધુ ગુન્હા કર્યા હોવાની જાણકારી મળી હતી. પકડાયેલા આરોપીની વધુ સઘન પુછપરછ કરતાં આરોપીએ આ પ્રકારની ચોરીઓને અંજામ આપી ચુક્યો હતો. તેણે ૧૫ ચોરી કર્યા હોવાનું જણાવ્યું હતું. આ અંગે પોલીસે આરોપીની વધુ પુછપરછ હાથ ધરી છે.

## પોયડામાં જમીનમાં ભાગ માગવા બાબતે ઝઘડો થતાં એકને ઈજા

પ્રાંતિજ તાલુકાના પોયડા ગામે રહેતા બળદેવસિંહ કચરસિંહ ચૌહાણ સાથે મંગળવારે ગામના જ કાળુસિંહ કચરસિંહ ચૌહાણ અને વિક્રમસિંહ કચરસિંહ ચૌહાણ વચ્ચે બાપ-દાદાની જમીનના ભાગ બાબતે ઝઘડો થયો હતો. જેમાં કાળુસિંહ ચૌહાણે ઉશ્કેરાઈ જઈ બળદેવસિંહ ચૌહાણને માથામાં ઈજા પહોંચાડી હતી. જેમાં વિક્રમસિંહ ચૌહાણે પણ ગડદાપાટુનો માર માર્યો હતો. જે અંગે બળદેવસિંહ ચૌહાણે બંને જણા વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## શાનદાર જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

લીધે ટીમની જીત થઈ હતી. આજે ત્રીજા દિવસે જ આફ્રિકાની ટીમ હારી ગઈ હતી. ભારત દ્વારા આપવામાં આવેલા ૨૧૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા પ્રવાસી ટીમ સસ્તામાં પેવેલિયન ભેગી થઈ ગઈ હતી. આ મેચમાં ભારતીય સ્પીનરોએ દક્ષિણ આફ્રિકાની ૨૦ વિકેટો પૈકી ૧૯ વિકેટ ઝડપી હતી. જાડેજા અને અશ્વિને પોતાના નામ ઉપર ૧૬ વિકેટ કરી હતી જ્યારે મિશ્રાએ ત્રણ વિકેટ મળી હતી. ભારતે ધરખમ દેખાવ કરીને આફ્રિકન ટીમની છાવણીમાં ખળભળાટ મચાવી દીધો હતો. આ મેચમાં જાડેજા પોતાની કેરિયરની ૫૦ વિકેટ ઝડપી હતી. ભારત તરફથી પોતાના કેરિયરમાં ૧૩મી ટેસ્ટમાં જાડેજાએ આ સિદ્ધિ મેળવી હતી. આ અગાઉ પ્રજ્ઞાન ઓઝામાં ૧૩ મેચોમાં ૫૦ વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. બીજી ટેસ્ટ મેચ બેંગ્લોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૧૪મી નવેમ્બરથી રમાશે. આફ્રિકા તરફથી બીજા દાવમાં એકમાત્ર વાન ઝીલ ૩૬ રન કરી શક્યો હતો. બાકીના બેટ્સમેનોનો ફલોપ શો રહ્યો હતો. ગઈકાલે રમત બંધ રહી ત્યારે ભારતે બે વિકેટે ૧૨૫ રન બનાવ્યા હતા.

ગઈકાલના સ્કોરથી આગળ રમતા ભારતીય બેટ્સમેનો પણ મેદાનમાં ટકી શક્યા ન હતા. નિયમિતગાળામાં વિકેટો ગુમાવી હતી. ભારતીય ટીમ તેના બીજા દાવમાં માત્ર ૨૦૦ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આજે બાકીના બેટ્સમેનો સસ્તામાં પેવેલિયન ભેગા થયા હતા. ભારતના લોઅર ઓર્ડરના બેટ્સમેનો એક બ્પછી એક તંબુ ભેગા થયા હતા. જેથી આફ્રિકા સામે જીતવા માટે માત્ર ૨૧૮ રનનો લક્ષ્યાંક હતો અને બે દિવસ બાકી હતા.



પાલનપુર શહેરમાં જાહેર માર્ગો પર સફાઈ થયા બાદ માર્ગ પર જ કચરો સળગાવી દેવાતા દરરોજ વહેલી સવારે વાતાવરણમાં ભારે પ્રદૂષણ ફેલાઈ રહ્યો છે. આથી સ્થાનિક શહેરીજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# ૬ સોનાના બિસ્કીટ સાથે એક મહિલાની ધરપકડ

શહેરના સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સોનાની દાણચોરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આજે સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટે પરથી કસ્ટમ વિભાગ દ્વારા એક મહિલાની ધરપકડ કરી હતી. મહિલા પાસેથી ૬ સોનાની બિસ્કીટ મળી આવતા કબ્જે કર્યો હતા. અમદાવાદના સરદાર પટેલ એરપોર્ટ પર મહિલા સ્પાઈસ જેટએરલાઈન્સની ફલાઈટમાં દુબઈથી અમદાવાદ આવી હતી. તે દરમિયાન કસ્ટમ વિભાગના અધિકારીઓને શંકા જતાં મહિલાની તપાસ હાથ ધરવામાં આવી હતી.

## બોમ્બના મેસેજથી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહિત જિલ્લા પોલીસનો કાફલો ચેકીંગમાં લાગી ગયો હતો. અક્ષરધામમાં અઢી કલાક તપાસ કરી અને ખુણેખુણા પર સર્ચ કર્યું હતું પરંતુ ક્યાંય બોમ્બ કે તેના જેવી સામગ્રી મળી ન આવતા હાંશકારો અનુભવ્યો હતો. તો બીજી તરફ બોમ્બના મેસેજથી મુલાકાતીઓમાં અફડાતફડીનો માહોલ સર્જાઈ ગયો હતો.

સ્ટેટ પોલીસ કંટ્રોલ રૂમમાંથી ગાંધીનગર જિલ્લા પોલીસને બપોરે મેસેજ આવ્યો કે ડાકોરમાં ટપાલ આવી છે જેમાં લખ્યું છે કે ડાકોર મંદિર, અક્ષરધામ મંદિર અને કવિ ગુરુ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેઈનમાં બોમ્બ મુકવામાં આવ્યો છે. આ મેસેજને ગંભીરતાથી લઈ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી બપોરે ત્રણ વાગ્યે બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ, ડૉગ સ્કવોર્ડ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ અને સ્થાનિક પોલીસ મથકના અધિકારીઓ કાફલા સાથે અક્ષરધામ પહોંચી ગયા હતા. ત્રણ વાગ્યાથી સાડા પાંચ વાગ્યા સુધી અઢી કલાક અક્ષરધામના દરેક ખુણા સર્ચ કરી નાંખ્યા પરંતુ કોઈ જ શંકાસ્પદ ચિજવસ્તુ મળી ન આવતા પોલીસે હાંશકારો અનુભવ્યો હતો. એક તરફ અક્ષરધામના મુલાકાતીઓ બોમ્બના મેસેજથી ચિંતિત થઈ ગયા હતા. સર્ચિંગ દરમ્યાન તમામને બહાર નિકાળવામાં આવ્યા હતા. અંતે ત્રણેય સ્થળે સર્ચિંગમાં કાંઈ જ ન નિકળતા કોઈએ હેક ટપાલ મોકલીને મજાક કરી હોવાનું ધ્યાને આવ્યું હતું.

## મોરપીંછના રંગ (૪ પાનાનું ચાલુ...)

(૨૧) ૨૧ સદીમાં વિજ્ઞાન ઈશ્વરને શોધી કાઢશે. જીવનું રહસ્ય ઉકેલાશે. જીવ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, શું કાર્ય કરે છે એ બધુ ઉકેલાશે અને વિજ્ઞાન જીવ ઉપર કાબૂ મેળવશે. માણસના જીવની અદલા બદલી થઈ શકશે. રક્તદાનની જેમ જીવદાન થઈ શકશે. પ્રકૃતિના કેટલાક રહસ્યો ઉકેલાશે. ગેબી અવાજો સાંભળવા મળશે. યુગો પહેલા મૃત્યુ પામેલા માણસોના અવાજો વાતાવરણમાંથી શોધી કઢાશે. જૂની ફિલ્મો ઉપરથી - ફોટા ઉપરથી એ જ માણસને એ જ ઉમરે આ પડદા ઉપર જીવંત કરી શકાશે. આ શોધ ફિલ્મક્ષેત્રે ખૂબ જ ઉપયોગી નીવડશે. જૂની ફિલ્મોના યુવાન અભિનેતાઓ ૨૧મી સદીમાં યુવાન અભિનેત્રીઓ સાથે અભિનય કરીને ફિલ્મક્ષેત્રે ધૂમ મચાવશે. જો જીવનું અમરત્વ સાબિત થશે તો રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુ કે ગાંધીજીના જીવની શોધ પણ થશે. અને માણસ પોતાના પુનર્જીવીતનો ખ્યાલ પણ મેળવી શકશે.

- 9426060601.india@gmail.com

ટચૂકડી જાહેર ખબર
કમાવાની તક
પડીયા બનાવી ૮૦૦૦થી ૨૫૦૦૦ કમાઓ, પડીયાનો કાગળ મળશે.
સ્વાગત અડાલજ
મો. : ૯૮૨૪૫ ૮૯૬૯૩
મો. : ૯૮૨૪૫ ૮૭૬૯૩

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ